ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# શહેરમાં ડિફેન્સ એક્સ્પોના પગલે જ-માર્ગ સહિત નાના મોટા ૮ માર્ગો પર પ્રતિબંધ મુકાયા

### ડિફેન્સ એક્સ્પો અને વી.વી.આઈ.પી. મુવમેન્ટને લઈ માર્ગો બંધ કરવા તેમજ નો-પાર્કિંગ અંગે જાહેરનામુ પ્રસિદ્ધ

ગાંધીનગર, તા. ૧૬

૧૮ થી ૨૨ ઓક્ટો. દરમ્યાન ગાંધીનગરમાં યોજાનાર ડિફેન્સ એક્સ્પોને લઈ તંત્રએ મહાનુભાવો અને વિદેશી મહેમાનોની સુરક્ષાને લઈ તા. ૧૮ અને ૧૯ દરમ્યાન શહેરના કેટલાક માર્ગો બંધ કરવાના તેમજ શહેરમાં ૧૫ જેટલા વિસ્તારોને નો પાર્કિંગ ઝોન જાહેર કરતા જાહેરનામા પ્રસિદ્ધ કર્યા છે.



અધિક નિવાસી કલેક્ટર સુશ્રી આર.ડી. સિંહની સહિથી જારી કરાયેલ આ જાહેરનામામાં જણાવ્યા મુજબ ચ-0 સર્કલથી સે. ૩૦ સર્કલ એટલે કે 'જ-રોડ જાહેર જનતા માટે બંધ કરવામાં આવ્યો છે. ફરજ પરના સરકારી વાહનો તથા એમ્બ્યુલન્સ સિવાય કોઈપણ વાહન આ માર્ગ પર પ્રવેશી શકશે નહિ.

આવી જ રીતે ચ-રોડ બી.એસ.એન.એલ. કટથી બેંક ઓફ બરોડા થઈને ઉદ્યોગભવન ઘ-૪ થઈ ગ-૪ મહાત્મા મંદિર તરફ જવાનો માર્ગ તેમજ તેની સામે મહાત્મા મંદિરથી સાયન્સ કોલેજ બાજુથી ગ-૪ થઈ ઘ-૪ થઈ ટાઉનહોલ એકઝીબીશન સેન્ટર તરફ જવાનો રસ્તો પણ બંધ કરવાના હુકમો કરાયા છે.

વાવોલ ગામથી રેલવે ક્રોસીંગ થઈને ઘ-૩ તરફ આવતો રોડ તથા ખ-0 ચાર રસ્તાથી ખ-૫ સર્કલ સુધી આવતો મુખ્ય રોડ પણ જાહેર જનતા માટે બંધ કરવામાં આવ્યો છે.

ક રોડથી રેલવે સ્ટેશન થઈ અંડરપાસ સુધી તથા ખ-રોડ, સે. ૧૩, રેલવે સ્ટેશન ચાર રસ્તાનો રોડ પણ તમામ વાહનો માટે પ્રતિબંધિત ફરમાવતુ જાહેરનામુ જારી કરવામાં આવ્યુ છે.

વી.વી.આઈ.પી. મુવમેન્ટ અને ડિફેન્સ એક્સ્પોને લઈ તંત્રએ જે જાહેરનામા પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે તેમાં ભારે વાહનો માટે પણ બાસણ એટવલે કે ગિફ્ટસીટી સર્કલ, શાહપુર સર્કલ થઈને સરગાસણ ચાર રસ્તાથી ઉવારસદ સુધીનો રસ્તા પર ભારે વાહનના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

આવી જ રીતે બાલાપીર સર્કલથી કોબા સર્કલ સુધીના રોડ પણ ભારે વાહનો માટે પ્રતિબંધિત કરવામાં આવ્યો છે. અહિ ભારે વાહનોનો ટ્રાફિક બાલાપીર સર્કલથી ઝુંડાલ થઈને રીંગ રોડ એપોલો સર્કલ તરફ ડાયવર્ટ કરવામાં આવ્યો છે.

૧૮ મીથી શહેરના ૧૫ જેટલા સ્થાનો પણ નો પાર્કિંગ ઝોન તરીકે જાહેરનામા દ્વારા જારી કરવામાં આવ્યા છે.

# ગાંધીનગરના શિક્ષક દંપત્તિએ 'મોદી @20 સપના થયા સાકાર'નો અનુવાદ કર્યો

### માત્ર ૨૦ દિવસમાં આ પુસ્તકનો અનુવાદ કર્યો : શ્રી અને શ્રીમતિ તન્ના

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરની હોટલ લીલા ખાતે આજે મોદી @20 સપના થયા સાકારનું ગુજરાતી અનુવાદિત ગ્રંથનું વિમોચન કેન્દ્રના સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કેન્દ્રીય રાજ્યમંત્રી ડૉ. એસ. મુરૂગનના હસ્તે થનાર છે.

નવભારત સાહિત્ય મંદિર દ્વારા આ પુસ્તકનો અનુવાદ કરી પ્રકાશન કરવામાં આવી રહ્યુ છે. આ પુસ્તકનો અનુવાદ કડી સર્વ વિશ્વ વિદ્યાલય અને કડી કેળવણી મંડળ સર્વ વિદ્યાલય સાથે સંકળાયેલ શિક્ષિકા અને પ્રોફેસર દંપત્તિએ કર્યો છે.





શિલ્પા તન્ના અને ડૉ. જયેશ તન્ના એ ગાંધીનગરમાં રહે છે અને તેમણે માત્ર ૨૦ જ દિવસમાં પુસ્તકનો અનુવાદનો કરી આખો ગ્રંથ તૈયાર કર્યો છે.

શિલ્પા તન્ના અને ડૉ. જયેશ તન્ના બન્ને ગાંધીનગરમાં સે. ૨૨માં રહે છે. તેમણે આમ તો શૈક્ષણિક સંપાદનો ઘણા કર્યા છે પણ અનુવાદ ગ્રંથ પોતાનો પ્રથમવાર વિમોચન જવા થઈ રહ્યો છે તેનો વિશેષ આનંદ આ દંપત્તિને છે.

ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં આ દંપત્તિએ એકરાર કર્યો હતો કે અનુવાદ કરતાં કરતાં કેટલીકવાર એટલા રોમાંચિત થઈ જતા હતા કે એમ થાય આજે જ બધુ પુરૂ કરી દઈએ અને એટલે જ અમે ૨૦ દિવસમાં આ કામ સંપન્ન કરી શક્યા.

તેમણે કહ્યુ હતુ કે આમ તો વિવિધ શૈક્ષણિક સંપાદનો કર્યા છે પણ આખે આખો ગ્રંથ અનુવાદ કરી પુસ્તકરૂપે પ્રગટ થઈ રહ્યો છે તેનો રોમાંચ વિશેષ છે.

શિલ્પાબેને આમ તો ધો. ૩, ૬, ૭, ૮ ના પાઠ્ય પુસ્તકોના સંપાદનમાં નોંધનીય પ્રદાન કરેલુ છે. તો બી.બી.એ. કોલેજમાં અધ્યાપક તરીકે કામ

● અનુસંધાન પાન-૭ પર

# ગુડા વાવોલમાં ટ્રાફિક આઈલેન્ડ અને સરઢવમાં નવો બગીચો બનાવશે

### કોલવડામાં પણ ચોમાસા દરમિયાન ગટર નાળા ઉભરાતા અટકાવવા કામ હાથ ધરાશે

ગાંધીનગર તા ૧૬

વાવોલ વિસ્તારમાં ભારે વાહનોની અવર જવરને અનુલક્ષી ટ્રાફિક આયલેન્ડ બનાવવા અને સરઢવમાં નવા બગીચાનું નિર્માણ કરવા નિર્ણય લેવાયો છે ગુડા દ્વારા આ માટે વિવિધ પ્લોટની પસંદગી કરવામાં આવી છે. જયારે કોલવડા વિસ્તારમાં માર્ગો પર ૪ બોક્સ કલ્વર્ટ બનાવવામાં આવશે. આ તમામ કામ પાછળ રૂપિયા ૧૫ કરોડના ખર્ચ થશે

ગાંધીનગરના નવ વિકસિત વિસ્તારમાં આવેલી વિવિધ ટાઉન પ્લાનિંગ સ્કીમમાં કપાતમાં લેવામાં આવેલી જમીન પર બાગ બગીચા બનાવવાનો મહત્વનો નિર્ણય લેવાયો છે. નગર રચના યોજના નંબર ૬ એટલે કે કુડાસણ, સરગાસણ અને ધોલાકુવા વિસ્તારમાં અનામત રખાયેલા પ્લોટ નંબર ૧૮૬, ૧૮૯ અને ૧૯૦માં બગીચા માટે અને ટાઉન પ્લાનિંગ સ્કીમ નંબર ૭ એટલે કે સરગાસણ, કુડાસણ અને પોર ના વિસ્તારમાં બગીચા માટે પ્લોટ નંબર ૧૯૫ની પસંદગી કરવામાં આવી છે. આ ઉપરાંત ટાઉન પ્લાનિંગ સ્કીમ નંબર ૯ એટલે કે વાસણા હડમતિયા, સરગાસણ, ઉવારસદ અને તારાપુરના વિસ્તારમાં પ્લોટ નંબર ૧૭૧માં બગીચો બનાવવામાં આવશે. સૌથી વધુ બગીચા નગર રચના યોજના નંબર ૧૩ એટલે કે વાવોલ વિસ્તારમાં બનશે અહીં પ્લોટ નંબર ૨૭૩, ૩૦૮, ૩૨૯ અને ૩૩૦ની પસંદગી કરવામાં આવી છે. જયારે અત્યાર સુધીમાં સાત બગીચાના કામ પુરા થયા છે

વાવોલના વિસ્તારમાં ટ્રાફિક આલેન્ડનું આયોજન કરાયું છે જયારે સરઢવ ગામના વિસ્તારમાં પણ એક બગીચો તૈયાર કરવામાં આવશે. સુત્રોમાંથી જાણવા મળ્યા પ્રમાણે બોર્ડ બેઠકમાં લેવાયેલા નિર્ણય પ્રમાણે ગુડા વિસ્તારની ઉપરોક્ત ટાઉન પ્લાનિંગ સ્કીમો પૈકીની

● અનુસંધાન પાન-૭ પર

# ૫૦ લાખથી વધુ લાભાર્થીઓને આયુષ્માન પીવીસી કાર્ડ અપાશે

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વર્ચ્યુઅલ હાજરીમાં લાભાર્થીઓને કાર્ડના વિતરણ માટે ૧૭ ઓક્ટોબરે ગાંધીનગર ખાતે યોજાશે રાજ્યસ્તરીય કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાતમાં ગાંધીનગર ખાતે ૧૭ ઓક્ટોબરના રોજ રાજ્યસ્તરીય કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં રાજ્યના PMJAY-MA કાર્ડના ૫૦ લાખથી વધુ લાભાર્થીઓને નવા પ્રિન્ટ કરાયેલા આયુષ્માન પીવીસી કાર્ડનું વિતરણ કરવામાં આવશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના સાથે ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૯માં મુખ્યમંત્રી અમૃતમ (MA) અને મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય (MAV) યોજનાને સંકલિત કરી હતી, અને આ યોજનાઓના તમામ લાભાર્થીઓ PMJAY-MA કાર્ડ મેળવવા માટે પાત્ર બન્યા હતા.

ત્યારથી લઈને આજદિન સુધીમાં ગુજરાતમાં ૧.૫૮ કરોડ લાભાર્થીઓને PMJAY-MA કાર્ડ ઈશ્યુ કરવામાં આવ્યા છે. જેમાંથી, છેલ્લા એક વર્ષમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ

● અનુસંધાન પાન-૭ પર

# ડીવાયએસો અને નાયબ મામલતદારની પરીક્ષામાં પ્રશ્નપત્ર સરળ છતાં અટપટુ

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા રવિવારે ડીવાયએસો અને નાયબ મામલતદારની પરીક્ષા ૮૦ જગ્યાઓ માટે યોજાઈ હતી. જે શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ હતી. રાજ્યના ૩૨ જિલ્લામાં આ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યુ હતું. રાજ્યભરના ૧૦૯૧ કેન્દ્રો પરથી ૨,૭૫,૦૦૦ થી વધુ ઉમેદવારોએ આ પરીક્ષા માટે ફોર્મ ભર્યા હતા. જેમાં કડક પોલીસ બંદોબસ્તના કારણે આ વખતે કોઈ બેદરકારી સામે આવી નહોતી. આ



સ્પર્ધાત્મક પરીક્ષામાં વિદ્યાર્થીઓના મત મુજબ પેપર સહેલુ તથા અટપટુ હતુ. જે વિદ્યાર્થીઓ સંપૂર્ણ તૈયાર કરીને ગયા હતા તેઓ માટે પેપર યોગ્ય રહ્યું હતું. આ પ્રાથમિક કસોટીમાં હેતુલક્ષી પરીક્ષા પદ્ધતિ હતી જેમાં ૨૦૦ ગુણના પ્રશ્નો પુછાયા હતા. જેમાં ઈતિહાસ, સાંસ્કૃતિક વારસો, ભારતીય રાજ્ય વ્યવસ્થા, બંધારણ, સામાજિક ન્યાય અને આંતરરાષ્ટ્રીય સંબંધો, ભારતીય અર્થતંત્ર, ભૂગોળ, વિજ્ઞાન, સામાન્ય બૌદ્ધિક ક્ષમતા, પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની મહત્વની સાંપ્રત ઘટનાઓ અંતર્ગત સવાલો પુછાયા હતા. જેમાં સ્વતંત્ર ભારતના પ્રથમ ભારતીય ગવર્નર

● અનુસંધાન પાન-૭ પર

# સે. ૧૨ અને સરગાસણમાંથી કોરોનાનો એક-એક કેસ મળી આવ્યો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ બે કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો એક પણ કેસ સતત ત્રીજા દિવસે નોંધાયો નથી.


ગઈકાલે શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો ન હતો. શહેરમાં આજે બે કેસ નોંધાયા છે.

ગાંધીનગર શહેરમાં આજે બે કેસ નોંધાયા છે તે લોકલ ટ્રાન્સમિશનથી સંક્રમિત થયાનું તંત્રની પ્રાથમિક તપાસમાં જણાયુ છે.

આજે સે. ૧૨માં ૩૬ વર્ષીય યુવાનનો અને સરગાસણમાં ૭૬ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. મોટી વયના દર્દીઓ વધી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તાકીદ કરી છે.

**બેસણું**



મારા માતૃશ્રી
ભદ્રીકાબેન કૌશિકભાઈ મસાણી નું
તા.૧૬-૧૦-૨૦૨૨ ના રોજ દુઃખદ અવસાન થયેલછે. સદ્ગતનું બેસણું તા.૧૭-૧૦-૨૦૨૨ ને સોમવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.
સ્થળ: પ્લોટ નં.૨૫૫/૫, શ્યામલ-૧, જૈન દેરાસરની પાછળ ૧૭/૨૨ બસ સ્ટેન્ડ, સેક્ટર-૨૨, ગાંધીનગર મો.૯૮૨૫૪ ૯૦૬૩૩,
પ્રણવ કે મસાણી (પુત્ર)
રૂપલ પી મસાણી (પુત્રવધુ)
નિમિષા નિલેશ કંસારા (પુત્રી)
તથા સમસ્ત મસાણી પરિવાર

ગાંધીનગરમાં જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

# ગાંધીનગર કોન્ટ્રાકટર એસોસિએશનનો અવાજ : માર્ચથી બીલ ચુકવાયા નથી

### કોન્ટ્રાકટરોને સમયસર બિલ ચુકવાય : મોટા કામને અનુલક્ષી અલગ અલગ ટેન્ડર થાય તો નાના કોન્ટ્રકટરોને પણ બેકાર ન રહેવુ પડે : પડતર પ્રશ્નોને અનુલક્ષી એસોસિએશનની બેઠક મળી : સરકારને રજુઆત કરાશે

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરમાં હાથ ધરવામાં આવતા માળખાગત સુવિધા સહીત અનેકવિધ વિકાસના કામો અન્વયે માર્ગ મકાન વિભાગમાં અનેક વિધ નાની મોટી એજન્સીઓ ટેન્ડર પ્રક્રીયામાં ભાગ લે છે. જયારે છેલ્લા કેટલાક સમયથી નાના કામોને એક કરી મોટુ ટેન્ડર જારી કરી દેવાતા નાના કોન્ટ્રકટરો તેમાં ભાગ લઈ શકતા નથી જેના લીધે તેમને બેરોજગાર બનવાનો વારો આવે છે. આ ઉપરાંત ગત માર્ચ મહીનાથી કોન્ટ્રાકટરોને તેમના બિલનુ ચુકવણુ થયુ નથી જેથી દિવાળી ટાંણે કોન્ટ્રાકટરોએ દયાજનક સ્થિતિમાં મુકાવવુ પડે છે. ગાંધીનગર કોન્ટ્રાકટર એસોસિએશનના હોદેદારોએ વિવિધ પ્રશ્ન સંદર્ભે બેઠકમાં પણ પ્રબળ રોષ વ્યકત કર્યો હતો. લાંબા સમયથી બીલ પણ ન ચુકવાતા કોન્ટ્રકટરો આગ બબુલા બન્યા છે.



ગાંધીનગર કોન્ટ્રાકટર એસોસિએશનને પ્રશ્નોના નિરાકરણ માટે પ્રબળ માંગ ઉઠાવી છે. લાંબા સમયથી કોન્ટ્રાકટરોના પ્રશ્નો ન ઉકેલાતા સરકારી કામોમાં જોડાયેલા કોન્ટ્રાકટરો આગ બબુલા બન્યા છે. ગત માર્ચ મહીનાથી કોન્ટ્રાકટરોને બિલના પણ ચુકવણા થયા નથી બિલ ચુકવણીના અભાવે કોન્ટ્રાકટરોએ તહેવાર ટાંણે મજુરો સહીત મેન પાવરને ચુકવણી કરવાનુ પણ કપરુ બન્યુ છે. કોન્ટ્રાકટર એસોસિએશનની બેઠકમાં પણ આ મામલે ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી એસોસિએશનના ચેરમેન બાબુલાલ ડાભી તેમજ પ્રમુખ સુરેન્દ્રસિંહ વાઘેલાએ એસોસિએશનના પ્રશ્નો અંગે સરકારને રજુઆત કરવાનો પણ નિર્ણય લીધો છે. આ અંગે એસોસિએશનના હોદેદારોએ જણાંવ્યુ હતુ કે નવા સચિવાલયના વિવિધ બ્લોકમાં ટોઈલેટ બ્લોકના રીનોવેશનને અનુલક્ષીને પણ ભેગી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે જયારે આ ટેન્ડર અલગ કરવામાં આવે તો નાના કોન્ટ્રકટરોને પણ કામ મળી રહે કામના અભાવે નાના કોન્ટ્રાકટરોએ બેકાર બેસી રહેવુ પડે નહીં.

● અનુસંધાન પાન-૭ પર

# રેડક્રોસ સોસાયટી હવે ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓનો વ્યાપ વિસ્તારશે : અજય પટેલ

ગાંધીનગર, તા. ૧૬

રેડક્રોસની ગુજરાત શાખાએ સેવાઓના સઘનીકરણની સાથે સાથે સેવાઓના વ્યાપ વિસ્તાર માટેનો આખો રોડમેપ તૈયાર કરી દીધો છે.

આરોગ્ય સેવાઓના સઘનીકરણની સાથે સાથે લોકોને ઝડપથી સસ્તી અને સારી સેવા મળી રહે તે જ હેતુ હોવાનુ સંસ્થાના ચેરમેન અજય પટેલે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ.

શ્રી પટેલે જણાવ્યુ હતુ કે રાજ્યમાં ૫૦ જેટલા સ્થાનો પર બ્લડ બેંક અને ૫૦ જેટલા સ્થાનો પર બ્લડ સ્ટોરેજની ક્ષમતામાં વધારો કરવામાં આવશે. આ કામગીરી પ્રથમ તબક્કામાં પુરી કરવામાં આવશે.

બીજા તબક્કામાં રેડક્રોસ દ્વારા પેથોલોજી લેબ દ્વારા વિવિધ ટેસ્ટ તેમજ જેનરીક દવાઓ માટેનું આખુ અભિયાન હાથ ધરી રાજ્યભરમાં ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ પહોંચાડવામાં આવશે. આ બધીજ કામગીરી આગામી બે થી ત્રણ વર્ષમાં ઉભી કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે.

તેમણે કહ્યુ હતુ કે રેડક્રોસ એટલે માત્ર રક્તદાન પ્રવૃત્તિ એટલી જ ઓળખ છે તેમ નહિ પણ હવે ગુણવત્તાસભર સેવા સાથે સસ્તી આરોગ્ય સેવા અને વિવિધ હેલ્થ પરીક્ષણનુ સરનામુ બની આ ઓળખ પ્રાપ્ત કરશે.

તેમણે જણાવ્યુ હતુ કે બ્લડ બેંક અને બ્લડ સ્ટોરેજ માટેની ક્ષમતા વધારવા માટેના જરૂરી સ્પોટ નિયત કરી દેવામાં આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યમાં ૩૩ ટકા મહિલાઓને બ્રેસ્ટ કેન્સર અને ૧૨ ટકાને સર્વાઈકલ કેન્સરથી પિડીત છે

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાતમાં ૩૩ ટકા મહિલાઓ બ્રેસ્ટ કેન્સરથી અને ૧૨ ટકા જેટલી મહિલાઓ સર્વાઈકલ કેન્સરથી પિડીત છે.


ગુજરાત રેડક્રોસ સોસાયટીના ડૉ. પ્રકાશ પરમારે આ ચોંકાવનારી વિગતો આપી હતી. તેમણે કહ્યુ હતુ કે ૨૦ થી ૩૫ વર્ષની મહિલાઓમાં બ્રેસ્ટ કેન્સરના કેસો વધી રહ્યા છે જે માટે બદલાયેલી જીવનશૈલી જવાબદાર હોવાનું જણાયુ છે.

તેમણે જણાવ્યુ હતુ કે સર્વાઈકલ કેન્સરમાં પણ હવે આધુનિક પદ્ધતિથી ઝડપી નિદાન શક્ય બન્યુ છે. તેમણે કહ્યુ કે આ કેન્સરથી બચાવી શકવા માટેની રસી પણ શોધાઈ છે.

નિયમિત મેડીકલ ચેક-અપ અત્યંત આવશ્યક હોવાનો આગ્રહ તેમણે કર્યો હતો. તેમણે બ્રેસ્ટ કેન્સર અને સર્વાઈકલ કેન્સર માટેના નિદાનની આધુનિક લેબોરેટરી રેડક્રોસ પાસે છે અને તે ખુબજ સસ્તા દરે પરીક્ષણ કરી અને રિપોર્ટ આપે છે.

તેમણે નાના બાળકના નીબોનેન્ટલ સ્ક્રીનીંગના પણ દાખલાઓ જણાવતાં કહ્યુ હતુ કે અહિ સ્ક્રીનીંગમાં ૧૯ જેટલા મેન્ટલી રિટાયર્ડ બાળકોને હસતા રમતા કરી અને આગળ વધ્યા હોવાનું જણાવ્યુ હતુ.

તેમણે જણાવ્યુ હતુ કે રેડક્રોસ સોસાયટી હવે ડિઝાસ્ટર મેનેજમેન્ટ માટે પણ તાલિમ આપી રહી છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટની તાલિમ દરેક માટે જરૂરી અને આવશ્યક હોવાનું તેમણે કહ્યુ હતુ.




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com